# સંપાદકીય

## આતંકવાદને ડામવામાં આપણે કેટલા સક્ષમ?

આજે વિશ્વભરમાં ચોમેર આતંકવાદની ઘટનાઓ, વાસ્તવમાં કરૂણાંતિકાઓના અહેવાલ વિના ભાગ્યે જ કોઈ દિવસ પસાર થાય છે. આપણે હાલ આતંકના ઓથાર હેઠળ જીવી રહ્યાં છીએ, અસુરક્ષાની લાગણી અનુભવીએ છીએ. 'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ' જેવી આપણાં તમામની હાલત છે, પરંતુ ધાર્મિક કટ્ટરવાદ કંઈ નવી પેદાશ નથી. આજથી ૩૧ વર્ષ પૂર્વે ૨૩ જૂન, ૧૯૮૫ના રોજ એર-ઈન્ડિયાનું વિમાન ફ્લાઈટ નં. ૧૮૨ને કેનેડિયન આતંકવાદીઓએ ટોરન્ટોના દરિયામાં તોડી પાડયું હતં. આ આતંકવાદીઓ કેનેડામાં ઊછરેલા શીખ ઉદ્દામવાદીઓ હતા.

કેનેડાની તત્કાલીન સમવાય અને પ્રાંતીય સરકારો ઊંઘતી ઝડપાઈ હતી. રોયલ કેનેડિયન માઉન્ટેડ(ઘોડેસવાર) પોલીસ, નવી રચાયેલી કેનેડિયન સિક્યુરિટી એન્ડ ઈન્ટેલિજન્સ એજન્સી અને સ્થાનિક પોલીસદળોને કેનેડાની ભૂમિ પર તેમની વચ્ચે ઝડપથી વધી રહેલા આતંકવાદ અને અંતિમવાદના કેન્સર વિશે જરા સરખો પણ અણસાર સાંપડયો નહોતો. એક અંગ્રેજી દૈનિકના લેખમાં જણાવ્યાનુસાર, હાલ આપણા શબ્દકોશના ભાગરૂપ ઘણી વખત ઉલ્લેખ કરતા શબ્દો, ઉદ્દામીકરણ અને જિહાદ તે સમયે આપણી વાતચીતનો ભાગ નહોતા, પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે આ પ્રક્રિયાઓ ચાલુ નહોતી, તે ચાલુ હતી. આપણે આ પ્રક્રિયાઓની એ રીતે કલ્પના નહોતી કરી. હકીકતમાં, તે સંપૂર્ણ જોશ સાથે ચાલુ હતી. ઝેર ફેલાવનારાઓ ઈન્ડો-કેનેડિયન ટાઈમ્સ જેવા કહેવાતા કોમનાં અખબારો હતાં. આ હિંસક નફરતનું તે એકમાત્ર મુખપત્ર નહોતું. રેડિયોકાર્યક્રમો સહિત અન્યો પણ હતા. આ ઝેરી નફરતના સતત વેપલાનું મુખ્ય લક્ષણ પંજાબીનો ઉપયોગ હતો જે ભાષાને તે સમયે કેનેડામાં પોલીસદળમાં, રાજકારણીઓમાં અથવા ગુપ્તચર સમુદાયમાં કોઈ પણ સમજી નહોતું શકતું અથવા જૂજ લોકો સમજી શકતાં હતાં, તેથી નફરત ફેલાવનારાઓ અને હિંસાના સોદાગરો શીખ સમુદાયમાં સજાના .ડર વિના બિનધાસ્ત તેમનો ધંધો ચલાવતા હતા, જે કોમ જૂન ૧૯૮૪માં સુવર્ણ મંદિરમાં ખૂનરેજી બાદ આક્રોશ, ભય અને આંતકનો વિખૂટો પડેલો જૂથ બની ગઈ હતી. આજે ઈસ્લામવાદીઓની જિહાદનો અર્થ વધુ લોકો મસ્જિદો તરફ વળવાનો, દાઢી રાખવાનો અને મહિલાઓએ બુરખા(નકાબ) પહેરવાનો થાય છે, એ રીતે એંશીના દાયકામાં શીખો વચ્ચે જિહાદનો અર્થ ધાર્મિક રૂઢિવાદમાં નવાં લોકોને ભરતી કરવાનો, દાઢી રાખવાનો અને પાઘડી પહેરવાનો થતો હતો. અન્યથા ધર્મનિરપેક્ષ એવા શીખો પણ આક્રોશમાં આવ્યા હતા અને ઉદ્દામીકરણ તથા જિહાદીકરણમાં ધકેલાયા હતા. તે સમયના રાજકારણીઓ, પોલીસો અને ગુપ્તચરો ઉદ્દામીકરણનાં પરિણામોને સંપૂર્ણપણે ગ્રહણ નહોતા કરી શક્યા. ધાર્મિક સ્વાતંત્ર્યના કાયદેસરના અધિકારના રક્ષણાત્મક છત્રે ખતરનાક વાસ્તવિકતા પર અંધારપછેડો નાખ્યો હતો અને આંતકવાસીઓના સૂત્રધારોના મેલા ઈરાદાને સંતાડવામાં મદદરૂપ બન્યો હતો, જોકે બત્રીસ વર્ષ બાદ ઈસ્લામવાદીઓનાં ઉદ્દામીકરણ તથા અલ-કાયદા, ઈસ્લામિક સ્ટેટ ફોર ઈરાક એન્ડ સીરિયા (આઈએસઆઈએસ) જેવાં સંગઠનો શીખ ઉદ્દામીકરણને મહદંશે ટપી ગયાં હોવા છતાં વિદેશમાં વસેલા શીખો વચ્ચે ઉદ્દામીકરણની લાંબા ગાળાની અસર હજી પણ જીવંત છે. હાલ સમગ્ર વિશ્વ વધુ આતંક અને તે પણ દુ:ખદપણે એક અથવા બીજા ધર્મનાં નામે ઘેરાયલું છે.

## લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે

મારા લખવાના ટેબલને હું મંદિર માનું છું. ત્યાં રોજ કલમનો દીવો કરું છું. કલમની આરતી ગાઉ છું. નજીકમાં ભગવત ગીતાની ચોપડી રાખું છું. તેની નીચે ૨મોર નાચ  નામનો શાયર નિદા ફાઝલીનો કાવ્યસંગ્રહ રાખું છું. આ શાયરે કાવ્ય દ્વારા બીજાને શીખામણ આપેલી કે રહે પ્યારા વાચક! તું બધાથી રીસાજે, પણ તું તારાથી રીસાતો નહી ખુદ અપને આપસે ઉલ્ઝોગે તો તૂટ જાઓગે.  આ લખું છું તે દિવસ નિદા ફાઝલી અલ્લાહ પાસે પહોંચી ગયા છે. ૨મોર નાચ  ગઝલ સંગ્રહમાં ૮૫મે પાને આ બીજાને માટે જ જીવનારા આદમી રાજકોટની -ેમિકા માટે જ જીવતો હતો, પણ બીજાને કાવ્ય દ્વારા શિખામણ આપતો હતો કે: કિતને દિન બાદ મિલે હો, ચલો ઈસ શહેર સે દુર/કિસી જંગલ કે કિનારે, કિસી ઝરને કે કરીબ/ટુટતે પાની કો પીકર દેખે/ ભાગતે દોડતે લમ્હો સે ચુરાકર કુછ વ્યક્ત/સિર્ફ અપને લિએ જીકર દેખે! શું તમે, હું કે નિદા ફાઝલી કે કોઈ પણ સંવેદનાવાળો જણ પોતાને માટે જ જીવી શકે? કદાચ આજે જન્નતમાં નિદા ફાઝલીને પોતાને માટે જીવવા મળે પણ... આજે મારે અહીં નિદા ફાઝલીની નહીં પણ કવિતાની જ વાત કરીને તેમને અંજલિ આપવી છે. આ માટે મેં કવિ અને સંપાદકોનો સંપર્ક ર્ક્યો. તેમને પૂછ્યુ કે ગુજરાતી ભાષામાં આજે ૨કવિતા  ની શું હાલત છે? કવિ જવાહર બક્ષીને પૂછ્યુ ૨કવિતા  ની હાલત વિશે કંઈક કહો. તેણે પોતાનો મત વ્યક્ત ર્ક્યો. કવિતામાં ગુજરાતી વાચકોને જરૂર રસ છે. પણ તે છતાં મુશાયરા ઓછા થતા જાય છે. સારી કવિતા એટલે કે જીવનના પુરા અનુભવ કે સંવેદનાવાળી કવિતા લખાતી નથી. કવિઓની સંખ્યા વધી છે- કવિતાના વાચકોની સંખ્યા ઘટી છે. હવે કવિઓ માત્ર બીજા કવિને પોતાની કૃતિ વાંચી સંભળાવે છે... પણ છતાં સાવ નિરાશ થવા જેવું નથી, એમ કહીને બક્ષીએ કવિ મણિભાઈ નભુભાઈની આ પંક્તિ સંભળાવીને ફોન મુકી દીધો- ૨લાખ્ખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે. આજે નિદા ફાઝલીએ મરીને પણ કવિતાને અમર કરી છે.  ૨નવનીત- સમર્પણ  ના હાલના સંપાદક અને કવિ દીપક દોશીએ કહ્યું કે એક જમાનામાં નવનીત- સમર્પણની ૨૦,૦૦૦ નકલો વેચાતી હતી. આજે આ દ્વિમાસિકની ૮૦૦૦ નકલો જ ખપે છે. દીપક દોશીએ બળતરા ઠાલવી કે ઘણા કહેવાતા કવિઓ કવિતા શું કામ લખે છે તેનું જ તેને કાંઈ ભાન નથી. તેણે શું કોઈ નવી અનુભૂતિ સારા શબ્દોમા કહેવી છે? આવી નિરાશા વ્યક્ત કરવા સાથે દીપક દોશીએ સાવ કવિતાને નામે નાહી નાખ્યું નથી. મને ખબર આપ્યા કે તમે વડોદરા જયાં કોમર્સ ફેકલ્ટીમાં ૧૯૪૭થી ૧૯૫૧ સુધી ભણ્યા ત્યાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કવિ -ોફેસર સિતાશું યશચંદ્ર પછીથી -ોફેસર હતા. તેઓ નિવૃત્ત છે પણ નવા યુવાનાને- યંગ જનરેશનને કવિતા ભિખ્યા કરે છે. કવિ અને સંપાદક રમેશ પુરોહીતે -થમ ધડાકે તો કહી દીધુ કે પોએટ્રીની હાલત ખરાબ છે. પછી આશા વ્યક્ત કરી કે સારી સંવેદનાથી ભરેલી કવિતા લખાય તો કાવ્યના ભોક્તા ભરપુર છે. મહુવા અને ભાવનગર એ બે શહેરો દીવાન સર -ભાશંકર પટ્ટણી અને મહારાજા કૃષ્ણ કુમારના કવિતા -ેમને કારણે કવિઓના પિયર જેવા શહેરો હતા. મહારાજા સયાજીરાવ યુનિ.નાં -ોફેસર રાજેશ પંડ્યા મહુવાના છે. હું હજી પત્રકાર નહોતો બન્યો ત્યારે એક કવિ તેની પુત્રીને લઈને ભાવનગર આવેલા. તેને સાંભળવા ભાવનગર-મહુવાના કવિતા- -ેમીઓની ગીરદી હતી. આ કવિની પુત્રીને પરણાવવાની હતી. તેના ખર્ચ માટે આ મુશાયરો યોજવો પડેલો! તે બતાવે છે કે કવિ રમેશ પુરોહિત કહે છે કે કવિતાની હાલત ખરાબ છે તે કેટલું બધું ૬૦ વર્ષ પહેલા પણ સાચું હતું કે એક કવિને તેની પુત્રીના લગ્ન માટે ભાવનગરમાં વન-મેન- કવિ સંમેલન યોજવું પડેલું.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4.

# એક્સાઈઝ ડયૂટી, સર્વિસ ટેક્સ અને સેનવેટ ક્રેડિટ

૧૦-૯-૨૦૦૪થી અમલમાં આવેલા સેનવેટ ક્રેડિટના નિયમો મુજબ કાચામાલ (ઈન્પુટ) પર ભરાયેલ એક્સાઈઝ ડયૂટી, યંત્રસામગ્રી (કેપિટલ ગુડ્સ) પર ભરાયેલ એક્સાઈઝ ડયૂટી અને ઈન્પુટ સર્વિસ પર ભરાયેલ સર્વિસ ટેક્સ, આ બધા પ્રકારના કરની ક્રેડિટ મળવાપાત્ર છે, અને ઉત્પાદક તથા સેવા આપનાર વ્યક્તિને આ બધી ક્રેડિટ મળે છે જેનો ઉપયોગ ઉત્પાદિત માલ પરની જકાત ભરવા માટે અથવા કરપાત્ર સેવા (આઉટપુટ સર્વિસ) પર સર્વિસ ટેક્સ ભરવા માટે થઈ શકે છે. જયારે ઉત્પાદકે કે કરપાત્ર સેવા આપનાર વ્યક્તિએ આવી ક્રેડિટ લીધી હોય અને તેનો ઉપયોગ પણ કર્યો હોય, પરંતુ આવા કાચા માલમાંથી બનેલ ઉત્પાદિત માલ કારખાનામાંથી કાઢતાં સમયે આવા માલ પર કરમુક્તિ જાહેર થાય, અથવા આઉટપુટ સર્વિસ આપતાં સમયે આવી સેવા કરમુક્ત જાહેર થાય, તો જે ક્રેડિટ લઈને વાપરી પણ નાખવામાં આવી હોય તેનું શું થાય એ પ્રશ્ન ઉદ્ભવે છે. આ પ્રશ્નનો જવાબ વારંવાર બદલાયા કરે છે, કારણ કે આ પ્રશ્ન પરનાં ચુકાદાઓ વારંવાર બદલાયા કરે છે.

ખાનભાઈ ઈસ્સુફભાઈના કેસનો ચુકાદો-આ કેસ ટ્રિબ્યૂનલની લાર્જર બેંચ દ્વારા આપવામાં આવ્યો છે. ટ્રિબ્યુનલના પાંચ સભ્યોની બનેલી લાર્જર બેંચને આ ચુકાદો ૧૯૯૯ (૧૦૭) ઈ.એલ.ટી. ૫૫૭ પર રજૂ થયેલો છે. આ કેસમાં ના.સુપ્રીમ કોર્ટ અને ટ્રિબ્યૂનલની અન્ય બેંચો દ્વારા અપાયેલા ચુકાદાઓની મુલવણી કરી લાર્જર બેંચે ઠરાવ્યું કે જયારે ઉત્પાદિત માલ કારખાનામાંથી બહાર કાઢતા સમયે તેના પર કરમુક્તિ હોવાથી કર ભરવાનો ન થાય તો આ માલ બનાવવામાં વપરાયેલ કાચા માલ પર ભરાયેલી જકાતની ક્રેડિટ પણ ઉત્પાદકે પરત આપી દેવાની રહેશે. આ પ્રશ્ન ઉપસ્થિત થવાનું કારણ આવા કિસ્સાઓની હકીકતો છે જે મુજબ નીચે પ્રમાણેની પરિસ્થિતિ ઊભી થતી હતી : કોઈ એક ઉત્પાદક જે માલનું ઉત્પાદન કરે છે તેના ઉપર એક્સાઈઝ ડયૂટી લાગે છે, તેથી આ ઉત્પાદક માલના ઉત્પાદનમાં વપરાતા કાચા માલ પર ભરાયેલી ડયૂટીની ક્રેડિટ લે છે, ક્રેડિટનાં નિયમો મુજબ ડયૂટી ભરેલો કાચો માલ કારખાનામાં આવતાં જ ઉત્પાદકને આ ડયૂટીની ક્રેડિટ મળવાપાત્ર છે, આ ક્રેડિટ લઈ ઉત્પાદક પોતાની પાસેના તૈયાર માલને કારખાનામાંથી બહાર કાઢતાં સમયે આ ક્રેડિટનો ઉપયોગ કરી તેમાંથી તૈયાર માલ પર ડયૂટી ભરે છે, આવાં કાચા માલમાંથી બીજો માલ તૈયાર કરતાં થોડો સમય લાગે છે, અને જયારે આવા કાચા માલમાંથી જયારે તૈયાર માલ બનાવી તેને કારખાનામાંથી બહાર કાઢતાં સમયે જો સરકારની નીતિમાં ફેરફારને કારણે આવા તૈયાર માલ પર કરમુક્તિ હોય તો આવો માલ ઉત્પાદક કોઈ પણ પ્રકારનો કર ભર્યા વગર વેચશે. આ સંજોગોમાં આવા તૈયાર માલમાં વપરાયેલ કાચા માલ પર ભરાયેલી ડયૂટીની ક્રેડિટનું શું થાય ? આવી ક્રેડિટ તે ઉત્પાદકે કાચો માલ કારખાનામાં લાવતાં જ વાપરી નાખી હોય, જયારે આ કાચા માલમાંથી બનેલ તૈયાર માલ પર ખરેખર કોઈ ડયૂટી ભરવામાં આવશે નહી કારણ કે આ માલ પર કરમુક્તિ જાહેર થઈ છે. આવા સંજોગોમાં શું કરમુક્ત તૈયાર માલમાં વપરાયેલા કાચા માલની ઉપર ભરાયેલી ડયૂટીની બરોબર રકમની ક્રેડિટ ઉત્પાદક પાસેથી પાછી વસૂલ કરવી જોઈએ, કે જે ક્રેડિટનો ઉપયોગ થઈ ગયો છે તે બાબતે કંઈ કરવાનું રહેતું નથી ? આ બાબતે અલગ અલગ પ્રકારના ચુકાદાઓ હોવાથી આ કેસ લાર્જર બેંચ સમક્ષ મૂકવામાં આવે.

લાર્જર બેંચે આ ચુકાદામાં ઠરાવ્યું કે ક્રેડિટની યોજના તૈયાર માલ પર લાગતી એક્સાઈઝ ડયૂટીનો બોજ હળવો કરવાના ઉદ્દેશથી બનાવાઈ છે, અને તેથી જો તૈયાર માલ પર ડયૂટી લાગતી ન હોય તો આવા માલમાં વપરાયેલ કાચા માલ પર ભરાયેલી ડયૂટીની ક્રેડિટ પણ આ યોજના હેઠળ મળવાપાત્ર નથી. ના. અલ્હાબાદ હાઈકોર્ટના સુપર કેસેટ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના કેસમાં અપાયેલ ચુકાદાની નોંધ લઈ ટ્રિબ્યૂનલની લાર્જર બેંચે ખાનભાઈ ઈસ્સુફભાઈના આ કેસમાં ઠરાવ્યું કે અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો આવાં જ સંજોગો ધરાવતાં કિસ્સામાં આપવામાં આવેલ છે, અને આ એક જ ચુકાદો કોઈ પણ હાઈકોર્ટ દ્વારા આવા સંજોગોમાં આપવામાં આવેલ હોવાથી તે મુજબ ઠરાવવું જરૂરી હતું. આવા કારણોસર આ કેસમાં ચુકાદો આપવામાં આવ્યો કે જયારે કાચો માલ કારખાનામાં લાવતી વખતે તૈયાર માલ પર કરમુક્તિ નહીં હોવાથી કાચામાલ પર ભરાયેલી ડયૂટીની ક્રેડિટ લેવામાં આવી હોય તો જયારે તૈયાર માલ પર કરમુક્તિ આપવામાં આવે ત્યારે જેટલો કાચો માલ સ્ટોકમાં પડયો હોય તથા જેટલો તૈયાર માલ પણ સ્ટોકમાં હોય તેમાં વપરાયેલ કાચા માલ પર લેવામાં આવેલી ક્રેડિટની બરાબર રકમ આવા ઉત્પાદકે પરત કરવાની રહેશે.

આ સિદ્ધાંત ફક્ત એક્સાઈઝ ડયૂટીના કાયદામાં જ નહીં પરંતુ સર્વિસ ટેક્સના કાયદામાં પણ લાગુ પડે કારણ કે સેનવેટ ક્રેડિટના નિયમો આ બંને પ્રકારના કર માટે લાગુ પડે છે પરંતુ આ સિદ્ધાંતને ખોટો ઠરાવતો ચુકાદો ના. કેરળ હાઈકોર્ટે પ્રિમિયર ટાયર્સ લિ.ના કેસમાં આપતાં ફરિયાદ આ પ્રશ્ન ટ્રિબ્યૂનલના બીજા પાંચ સભ્યોની બનેલી લાર્જર બેંચે અશોક આયર્ન લેન્ડ સ્ટીલ ફેબ્રિકેટરના કેસમાં આ સિદ્ધાંતને રદિયો આપી ખાનભાઈ ઈસ્સુફભાઈના ચુકાદાને ખોટો ઠરાવી ફગાવી દીધો છે તો ના. કેરળ હાઈકોર્ટના ૨૦૦૧ (૧૩૦, ઈએલટી ૪૧૭ અને ટ્રિબ્યૂનલની લાર્જર બેંચના ૨૦૦૨ (૧૪૦) ઈ.એલ.ટી. ૨૭૭ પરના ચુકાદાથી ઊભરતી કાયદાકીય પરિસ્થિતિની ચર્ચા હવે પછી કરીશું.

# સમુદ્રની હદની બાબતમાં પણ બેઈજિંગની ચીનગગીરી

ચીની ડ્રેગન બધી રીતે દુનિયા માટે માથાનો દુ:ખાવો બની રહ્યો છે. કેટલીક બાબતોમાં ચીના ભલે એડવાન્સ હોય અને એ માટે તેમને એપ્રિસિયેટ કરીએ, પરંતુ બાકીની અસંખ્ય બાબતોમાં ઘણાબધાને ચીન પ્રત્યે સૂગ વધી રહી છે. હાલ એ માટેનું કારણ દક્ષિણ ચીન સમુદ્રનો વિવાદ છે. ચીને જાતે જ તેની સરહદ પછીના દરિયાઈ વિસ્તારને પોતાની માલિકીનો જાહેર કરી દીધો છે, તેને પરિણામે છએક મહિના પહેલાં જાપાન સાથે શિંગડાં ભેરવ્યાં હતાં. દરિયાઈ સરહદ બાબતે બેઈજિંગની ચીનગીરી છેવટે ફિલિપીન્સથી સહન ન થતાં તેણે આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યૂનલમાં અપીલ કરી અને તેનો ચુકાદો ફિલિપીન્સની તરફેણમાં આવ્યો. ચીનની દાદાગીરીનું પ્રમાણ એ હદે વધી ગયું છે કે હવે તે આંતરરાષ્ટ્રીય અદાલતનો ચુકાદો માનવા પણ તૈયાર નથી.

વિવાદ દક્ષિણ ચીન સમુદ્ર નામે ઓળખાતા વિસ્તારનો છે. ચીને જાતે જ ખૂબ વિશાળ ક્ષેત્રમાં નાઈન ડેશ લાઈન નામે એક કાલ્પનિક નકશો બનાવી દઈને એ દરિયાઈ વિસ્તાર પર પોતાનો દાવો કરતો રહ્યો છે. દરિયાઈ વિસ્તારની બાબતમાં આમ તો આંતરરાષ્ટ્રીય કાયદો સ્પષ્ટ છે, તેમ છતાં ચીન કોઈ કાયદો કે કોઈ પરંપરાને સ્વીકારવા તૈયાર નથી. હોગસ્થિત આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યૂનલે સ્પષ્ટ શબ્દોમાં ચુકાદો આપ્યો છે કે દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનનાં જહાજો તેમજ માછીમારો જે રીતે અવરજવર કરે છે એ જ રીતે સદીઓથી અન્ય દેશનાં જહાજો અને માછીમારોની અવરજવર છે, પરિણામે એ ક્ષેત્રમાં ચીનનો વિશેષાધિકાર હોવાના કોઈ ઐતિહાસિક પુરાવા નથી. અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું છે કે નાઈન ડેશ લાઈન હેઠળ આવતા સમુદ્રી વિસ્તારના સ્રોતો પર ચીન એકાધિકાર ધરાવતો હોવાના કોઈ ઐતિહાસિક આધાર નથી. તેમ છતાં ચીન પોતાનાં વલણમાં અડિયલ છે અને આંતરરાષ્ટ્રીય સમુદાય તો ઠીક, આંતરરાષ્ટ્રીય અદાલતની વાત સ્વીકારવા પણ તૈયાર નથી. બેઈજિંગે વાસ્તવમાં પોતાનાં દરિયાઈ ક્ષેત્રાથી અનેક માઈલ દૂર સુધી પોતાનો એક કાલ્પનિક વિસ્તાર ઊભો કરી દીધો છે અને તેને નાઈન ડેશ લાઈન નામ આપ્યું છે. આ નાઈન ડેશ લાઈનને તેણે પોતાનો વિસ્તાર જાહેર કરીને ત્યાં ફિલિપીન્સ, વિયેતનામ જેવા દેશોનાં જહાજોની અવરજવર સામે વાંધો ઉઠાવવાનું શરૂ કર્યું ત્યારથી આ વિવાદ વકર્યો છે. હકીકત તો એ છે આને કોઈ વિવાદ ના કહેવો જોઈએ પરંતુ ચીનની દેખીતી દાદાગીરી જ ગણવી જોઈએ જેને કોઈ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. ચીનની આવી નીચ વૃત્તિને કારણે જ આપણે હાલ લડાખ તેમજ અરૂણાચલ પ્રદેશમાં ઘણું સહન કરવું પડે છે. વાસ્તવમાં ચીનાઓની આ ફિતરત છે. દુનિયામાં જે કોઈ શ્રેષ્ઠ ચીજ બને તેની તરત જ નકલ કરીને ચીનાઓ જે તે દેશનાં બજારમાં ડમ્પિંગ કરવાનું શરૂ કરી દે છે. ચીનાઓની આ આદતનો ભારત સૌથી વધુ ભોગ બનેલો દેશ છે. દુનિયાના ઘણા દેશોએ ચીન વિરૂદ્ધ એન્ટિ-ડમ્પિંગ કાયદાનાં હથિયાર ઉગામેલાં છે તે આ જ કારણે.

દક્ષિણ ચીન સમુદ્ર વિવાદમાં જોકે ભારતનું વલણ સ્પષ્ટ લાગતું નથી. કદાચ શક્ય છે કૂટનીતિનાં કારણોસર ભારતે પોતાનું વલણ જાહેર કરવાનું ટાળ્યું હોય. એક તો નવી દિલ્હીમાં સત્તાપરિવર્તન થયું ત્યારથી ચીન ભારતને દુશ્મન ગણવા લાગ્યો છે. આ જ કારણે તે એક તરફ શ્રીલંકાને તો બીજી તરફ પાકિસ્તાનને પંપાળી રહ્યો છે. આટલું ઓછું હોય તેમ છેલ્લે નેપાળની પણ આંતરિક સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને ચીને કાઠમાંડુને પોતાની તરફ કરી લીધું છે. એનએસજીમાં ભારતના સમાવેશ સામે ચીને જે વલણ લીધું હતું એ હજુ તાજું છે. આ સંજોગોમાં ભારત માટે ચીન સાથે સીધી દુશ્મનાવટ વહોરી લેવામાં ડહાપણ નથી એવું નવી દિલ્હીને લાગ્યું હોઈ શકે, પરંતુ મુદ્દો એ છે કે બધા દેશો આ રીતે વિચારશે તો ચીનને તો ભાવતું મળી જશે. આમાં તો નાના-મોટા યુદ્ધના સંજોગો પણ આવી શકે, કેમ કે આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યૂનલના ચુકાદા બાદ બેઈજિંગે આ બાબતમાં ચીમકી પણ આપી દીધી છે. ટૂંકમાં પાણીના મુદ્દે ગમે ત્યારે ગમે તે થઈ શકે છે એવી દહેશત ચીનાઓની દાદાગીરી ઉર્ફે ચીનગીરીને કારણે સાચી પડી શકે છે.

## લોખંડનાં સ્ટ્રક્ચર અને તેનાં ભાગ માટેનાં નોટિફિકેશન તથા અન્ય બાબતો

મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર લિ.ના ચુકાદામાં એપેલેટ ટ્રિબ્યૂનલની લાર્જર બેંચે ઠરાવ્યું કે લોખંડના સ્ટ્રક્ચર બનાવવા તથા ઊભા કરવા તૈયાર કરવામાં આવતાં લોખંડનાં સળિયા, થાંભલા, પ્લેટ વગેરે બનાવવાની પ્રક્રિયા 'ઉત્પાદન' ગણાશે અને આવાં ભાગો પર એક્સાઈઝ ડયૂટી લાગશે એ આપણે જોયું. પણ સદ્નસીબે હમણાં આવી પ્રવૃત્તિ પર સરકારે કરમુક્તિ આપેલી છે, એટલે ખરેખર એક્સાઈઝનો કોઈ બોજો પડતો નથી.

તા.૧૭-૩-૨૦૧૨ના રોજ બહાર પડેલાં આ નોટિફિકેશન હેઠળ ટેરિફનાં મથાળા નં. ૭૩૦૮માં આવતાં તમામ માલ પર કરમુક્તિ જાહેર કરાઈ છે. જો આવો માલ કામ કરવાની જગ્યા (તશયિં જ્ઞર ૂજ્ઞસિ) પર તૈયાર કરવામાં આવે અને તે જગ્યાએ જ બાંધકામ (ભજ્ઞક્ષતાિિભશિંજ્ઞક્ષ ૂજ્ઞસિ) માટે ઉપયોગમાં લેવાય તો લોખંડનાં આવા તમામ માલ પર કરમુક્તિ છે. આ પ્રકારના નોટિફિકેશન છેલ્લાં લગભગ ૧૭થી ૧૮ વર્ષ દરમિયાન અમલમાં છે, તેના નંબર જુદા જુદા હોય છે. આથી લોખંડના આ પ્રકારનો માલ તૈયાર કરી સ્ટ્રક્ચર ઊભા કરવાની પ્રવૃત્તિ પર એક્સાઈઝ મુક્તિ છે, જો આ પ્રકારનો માલ કામની સાઈટ પર બનાવી ત્યાં જ વપરાય તો જે કિસ્સાઓમાં આવાં સળિયા, એંગલ, ચેનલ, ફ્રેમ વગેરે કારખાનામાં કે વર્કશોપમાં બનાવી બાંધકામની જગ્યા (ભજ્ઞક્ષતાિિભશિંજ્ઞક્ષ તશયિં) પર મોકલવામાં આવે, અને ત્યાં સ્ટ્રક્ચર ઊભું કરવામાં આવે તો આ કરમુક્તિ મળે કે નહીં એ પ્રશ્ન ઊભો થાય એ સ્વાભાવિક છે.

# સર્વોચ્ચ અદાલતે ભાજપના કાર્યકલાપ પર પાણી ફેરવ્યું

જયાં દેશમાં સૌ પ્રથમ સૂર્ય ઊગે છે તે અરૂણાચલ પ્રદેશમાં રાષ્ટ્રપતિશાસન લાગુ પાડવાના કેન્દ્ર સરકારના નિર્ણયને સર્વોચ્ચ અદાલતે ગેરકાનૂની ઠરાવ્યો અને રાષ્ટ્રપતિશાસન પૂર્વેની સ્થિતિ પુન:સ્થાપિત કરવાનો હુકમ કર્યો. કેન્દ્ર સરકાર માટે બે મહિનામાં બીજી વખત નીચાજોણું થયું. આ ચુકાદો ઐતિહાસિક છે, કારણ કે ભૂતકાળમાં ક્યારેય આ રીતનો ન્યાય થયો નથી. બહુ બહુ તો રાજયપાલના નિર્ણય પર ટીકા-ટિપ્પણી કરીને અદાલતો અટકી જતી હતી અથવા તો નવી રીતે નાટકોને અંજામ અપાતો હતો. આ વખતે ભાજપે ભલે માર ખાધો પણ જે બન્યું તે રાષ્ટ્રનાં હિતમાં છે, તેમાં લગીરેય શંકા નથી.

દાયકાઓનો ઈતિહાસ જુઓ તો પૈસાના જોરે વિધાયકો ગધેડાની માફક વેચાતાં આવ્યાં છે. તેમાં પણ કેન્દ્રમાં જેની સરકાર તેની લાઠી અને તેની ભેંસ. વિધાયકો પ્રજા સાથે સતત ગદ્દારી કરતાં હતાં. લોકોને આ વાત બિલકુલ પસંદ નહોતી. છતાં લોકોની પડખે કોઈ નહોતું. પ્રજા સમસમીને બેસી રહેતી. ૧૯૭૩માં ગુજરાતમાં આવા જ મુદ્દા પર નવનિર્માણ તોફાનો થયાં હતાં, ત્યારે કોંગ્રેસના વિધાયકોએ પક્ષાંતર નહોતું કર્યું પણ પૈસા અને સત્તાની લાલચમાં આવી તેઓએ નેતા બદલ્યો હતો. એ પછી તો વિધાયકો પક્ષ અને વિચારધારા પડતી મૂકી વિરોધીઓની છાવણીમાં બેસવા માંડયા. નેતાઓ રાજકીય જનભાવનાને સમજતા હોવા છતાં ઠોકર મારે છે. સત્તાની તૃષ્ણા અમાપ હોય છે. નાનકડા અરૂણાચલ કે ઉત્તરાખંડને પણ છોડતા નથી. લોકોનું

આ ચુકાદો ઐતિહાસિક છે, કારણ કે ભૂતકાળમાં ક્યારેય આ રીતનો ન્યાય થયો નથી. બહુ બહુ તો રાજયપાલના નિર્ણય પર ટીકા-ટિપ્પણી કરીને અદાલતો અટકી જતી હતી અથવા તો નવી રીતે નાટકોને અંજામ અપાતો હતો. આ વખતે ભાજપે ભલે માર ખાધો પણ જે બન્યું તે રાષ્ટ્રનાં હિતમાં છે, તેમાં લગીરેય શંકા નથી.  દાયકાઓનો ઈતિહાસ જુઓ તો પૈસાના જોરે વિધાયકો ગધેડાની માફક વેચાતાં આવ્યાં છે. તેમાં પણ કેન્દ્રમાં જેની સરકાર તેની લાઠી અને તેની ભેંસ. વિધાયકો પ્રજા સાથે સતત ગદ્દારી કરતાં હતાં. લોકોને આ વાત બિલકુલ પસંદ નહોતી. છતાં લોકોની પડખે કોઈ નહોતું.

ભલું જ કરવું નથી તો આટલીબધી સત્તાનું કરવું છે શું ? ખેર, અદાલતોમાં જનમાનસનો પડઘો પડે છે તે રાહતની અને સ્તુત્ય બાબત છે. અરૂણાચલ પ્રદેશ વિધાનસભામાં કુલ ૬૦ વિધાયકો છે. તેમાંથી કોંગ્રેસના ૪૭ હતા. ગયા ડિસેમ્બરમાં તેમાંથી ૨૧ વિધાયકો રાજયપાલ જે. પી. રાજખોવા પાસે પહોંચી ગયા અને સ્પીકર નબામ રેબિયાને હટાવવાની માગણી કરી. આ માગણી જ વાહિયાત હતી, કારણ કે વિધાનસભાના અધ્યક્ષને પદ પરથી દૂર કરવાની રાજયપાલને સત્તા જ નથી. રાજયપાલ જૂના સંઘસેવક અને આ માગણી ભાજપના પ્રોત્સાહનથી ટ્રિગર થઈ હતી તેથી રાજયપાલ આ અઘટિત માગણીને તાબે થશે એવી ખાતરી કોંગ્રેસી વિધાયકોને હતી, તે પ્રમાણે જ થયું. રાજયપાલે સ્પીકરને હટાવી દીધા. કોંગ્રેસના બળવાખોરો અને ભાજપના વિધાયકોએ મળીને એક હોટેલના બેન્કવેટ હોલમાં અધિવેશન ભરીને સ્પીકરને પદચ્યુત કરવાનો ઠરાવ મંજૂર કર્યો. રાજયપાલને આ રીતે વિધાનસભાનું અધિવેશન યોજવાનો પણ અધિકાર નથી. રાજયપાલની આ માથાભારે પ્રવૃત્તિથી કેન્દ્ર સરકાર ખુશ થઈ. બંધારણની કલમ ૩૫૬નો આધાર લઈ મુખ્યમંત્રી નબામ તુકીની સરકાર બરખાસ્ત કરવામાં આવી અને રાષ્ટ્રપતિશાસન લાદવામાં આવ્યું. અગાઉ કોંગ્રેસ આવી અસામાજિક પ્રવૃત્તિ આચરતી હતી અને મોટા પ્રમાણમાં આચરતી હતી. એ પણ કલમ ૩૫૬નો આધાર લેતી હતી અને ૨૦૦૪માં કેન્દ્રમાં યુપીએ સરકાર રચાઈ પછી ગોવા તેમજ ઝારખંડમાં કોંગ્રેસે આવી અરાજકતા સર્જી હતી. એ વખતે ભાજપ કલમ ૩૫૬ના દુરૂપયોગનું ગાણું ગાઈ વિરોધ કરતો હતો. આજે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી બંને જાણે પોતાને પાપમુક્ત જાહેર કરી ભાજપની અને વડાપ્રધાનની ટીકા કરી છે. વડાપ્રધાનને લોકતંત્ર શીખવવા બદલ રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો છે. કેબિનેટનો નિર્ણય પત્રકાર પરિષદમાં ફાડીને કચરાટોપલીમાં ફેંકી દેવો તે પણ લોકતંત્ર નથી. ભલે પછી એ નિર્ણય ખરાબ હતો. રાહુલનાં જૂનાં કૃત્યો તેના નવાં વચનોને ફોગટ સાબિત કરે છે અને એવું જ સોનિયા ગાંધીનું છે. એમણે વડાપ્રધાનને લોકતંત્રાની રક્ષા કરવાની શિખામણ આપી તે એક માતા અને પક્ષના નેતા તરીકે રાહુલને પણ આપવી જોઈએ.

ભાજપ સરકારની અને ભાજપ પક્ષની ગુંડાગીરીની ટીકા થવી જ જોઇએ. સોશિયલ મીડિયાના આ યુગમાં તમામ સત્તાધારીઓનાં પગલાંની બારીકાઈથી અને આક્રોશથી ચકાસણી થાય છે ત્યારે લોકશાહીનું હનન પ્રજા સ્વીકારશે નહીં. પંચતારક હોટેલની રૂમોમાં કે ખજુરાહોમાં નવી સરકાર રચવી એ લોકશાહીની ક્રૂર મજાક છે અને નાણાંનું ભદ્દું નાટક છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ઝોમ્બીની માફક જયાં ત્યાં સહી કરી આપીને લોકશાહીને નબળી પાડવા સિવાય કશું જ કામ કર્યું નથી. આ રાષ્ટ્રપતિ સાવ વામણા પુરવાર થયા છે. દેશને કોંગ્રેસમુક્ત કરવાનાં ઓબ્સેશનમાં ભાજપ કશું કરતાં અચકાતો નથી.

સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો તે જરૂર ઐતિહાસિક છે, તો પણ રાજનેતાઓની વસતી લોકશાહીનાં ચીરહરણ માટે નવી તરકીબો શોધી કાઢશે તેનો ડર રહે છે. ૯ ડિસેમ્બર, ૨૦૧૫ના દિવસ અગાઉ જે સ્થિતિ હતી તેની પુન:સ્થાપના કરવાનો કોર્ટે હુકમ કર્યો છે. પણ આ ચુકાદાથી રાષ્ટ્રપતિ સભાન બનશે. ઉત્તરાખંડની બાબતમાં પણ આમ જ થયું હતું, હવે ભાંગફોડ અને તડજોડની સરકારો રચતાં પહેલાં રાજકીય ગુંડાઓ સર્વોચ્ચ અદાલતને જરૂર યાદ કરશે. આ ચુકાદા પછી રાષ્ટ્રપતિ હવે આવા હુકમ પર સહી કરતાં પહેલાં સો વખત વિચારશે.

## પોતાના લગ્નમાં ખુદને તૈયાર કરો ચમકદાર દેખાવા માટે



લગ્નની સીઝનના આગમન સાથે આપના માટે નિર્ધારિત દિવસ અમૂક મહિના જ દૂર રહી ગયા છે. એવામાં સૌથી વ્યવસ્થિત તૈયારીઓ રાખતી દુલ્હનને સ્ટ્રેસ થઇ શકે છે. અહીં ત્વચા અને સુંદરતાની દેખભાળને ભાગદોડ અને પ્લાનિંગમાં પાછળ ન છોડી દેતા. એવી મુશ્કેલીઓથી દૂર કરતા લૈક્મે સેલૂન પોતાના બી-સ્પોક પ્રી-બ્રાઇડલ પેકેજીસ સાથે તેમને સુંદર દેખાડવા માટે તૈયાર છે. તમારી દમકને વધારવા માટે આમાં વાળ, ત્વચા અને બૉડી સહિત તમામ બ્યૂટી સર્વિસેઝ સામેલ છે.

આ જરૂરી છે કે તમારા લગ્ન સુધી તમારી ત્વચા દમકતી રહે. નખશિખ સુધી અમારી તમામ સેવાઓ તમારી જરૂરિયાતો પ્રમાણે છે અને અમારા પ્રશિક્ષિત બ્રાઇડલ સ્ટાઇલિસ્ટ તમારા જીવનના સૌથી મોટા દિવસ માટે તમને ચમકદાર બનાવતા તમારી સ્ટાઇલને પૂર્ણ કરશે. એક સિટિંગથી પાંચ થી છ સપ્તાહની સિટિંગ સીરિઝ, તમને વ્યક્તિગત પરામર્શ પ્રક્રિયાના માધ્યમથી તમને એવો લુક આપશે જેમાં તમારી સ્ટાઇલ ઝલકશે.

અમારી પાસે માતા, બહેનો અને ભાભીઓ માટે સ્પેશ્યલ પેકેજીસ છે, જેથી આ સુનિશ્ચિત કરી શકાય કે તે પણ દુલ્હનની સમાન રૂપે સુંદર દેખાય.

લૈક્મે સૈલૂનના સ્કીન એન્ડ નેલ્સના નેશનલ એક્સપર્ટ દિશા મેહરે કહ્યું કે, અમે માનીએ છીએ કે દરેક દુલ્હન અલગ હોય છે અને અમે એવી પ્રી-બ્રાઇડલ પ્રક્રિયા બનાવી છે, જેનાથી દુલ્હનના વ્યક્તિત્વ પ્રમાણે કસ્ટમાઇઝ્ડ કરી શકાય. અમારા બ્રાઇડલ સ્ટાઇલિસ્ટ દુલ્હનને લગ્નના દિવસો અવિસ્મરણીય દેખાડવા માટે પ્રતિબદ્ધ છે અને તેને સંપૂર્ણ રીતે તૈયાર કરવામાં સુસજ્જિત પણ. એક સુંદર નિયમ છે જેનો દરેક દુલ્હને પાલન કરવો જોઇએ. તેણે લગ્નના ઓછામાં ઓછા છ મહિના અગાઉ સ્કિનકેર શરૂ કરી દેવી જોઇએ, જેથી હેલ્દી અને દમકતી ત્વચા પ્રાપ્ત થઇ શકે. આ પણ મહત્વપૂર્ણ છે કે લગ્નની પ્લાનિંગથી બ્રેક લઇને રિલેક્સિંગ બૉડી મસાજ પણ લે.(૭-૪)

# નામ પાકિસ્તાન છે પરંતુ કામ નાપાક છે : રાજનાથનો દાવો

**લખનૌ,** કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, નામ પાકિસ્તાન છે પરંતુ તેના કામ નાપાક છે. કાશ્મીરમાં વણસી ગયેલી સ્થિતિ માટે પાકિસ્તાન સંપૂર્ણપણે જવાબદાર હોવાનો રાજનાથસિંહે આક્ષેપ કર્યો હતો. રાજનાથસિંહે રાજ્યસભામાં કહ્યું હતું કે, પાકિસ્તાન બિનજવાબદારી પૂર્વકની ભૂમિકા અદા કરી રહ્યું છે. મુસ્લિમોના રક્ષક તરીકે પાકિસ્તાને દાવો કરવો જોઈએ નહીં. ઉપલા ગૃહમાં કાશ્મીર પરિસ્થિતિની ચર્ચામાં ભાગ લેતા રાજનાથસિંહે કહ્યું હતું કે, જે કંઈપણ થઈ રહ્યું છે તે સંપૂર્ણપણે પાકિસ્તાન પ્રાયોગિક છે. નામ પાકિસ્તાન છે પરંતુ કામ નાપાક દેખાઈ રહ્યા છે. કાશ્મીરી અમારા પોતાના લોકો છે પરંતુ ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. ખીણમાં અંધાધૂંધી ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કાશ્મીરીઓને અમે યોગ્ય માર્ગ ઉપર લઈ જઈ રહ્યા છે. તેમને વાસ્તવિકતાથી વાકેફ કરવામાં આવશે. મોદી જ્યારે વિદેશ પ્રવાશે હતા ત્યારે તેઓએ તેમને ફોન કર્યા ન હતા પરંતુ મોદીએ કાશ્મીરની સ્થિતિ અંગે તે વખતે પણ માહિતી મેળવી હતી. સર્વપક્ષીય મિટિંગની માંગ પણ થઈ રહી છે. મહત્તમ સંયમ રાખવા કાશ્મીરમાં સુરક્ષા દળોને કહેવામાં આવ્યું છે. આગામી દિવસોમાં મોનસુન સત્ર દરમિાન જમ્મુ કાશ્મીરમાં જારી હિંસા, ત્રાસવાદી ગતિવિધીમાં વધારો, આસમાને પહોંચી ગયેલી મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને અન્ય તમામ મુદ્દા પર પણ રજૂઆત કરવામાં આવનાર છે. અગાઉ આજે સવારે સંસદના મોનસુન સત્રની શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે સ્વર્ગસ્થ સાંસદ દલપતસિંહને શ્રદ્ધાંજલિ આપવામાં આવ્યા બાદ લોકસભાની કાર્યવાહીને દિવસભર માટે મોકુફ કરી દેવામાં આવી હતી. સંસદના મોનસુન સત્રના પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં નવા પ્રધાનોની ઓખક કરાવી હતી. મોદીએ અગાઉ કહ્યુ હતુ કે તમામ વિષય પર જુદા જુદા રાજકીય પક્ષો સાથે વાતચીત થઈ છે. તમામ લોકો સારા મુડમાં છે.

## આઈડિયા દ્વારા ૪જી એવં ૩જી બિગ ઈન્ટરનેટ પેક પર પ્રમોશનલ ઓફરની ઘોષણા

દેશમાં મોબાઈલ ઈન્ટરનેટના પ્રયોગને પ્રોત્સાહન આપવા માટે આઈડિયા સેલ્યુલર, ભારતની તેજીથી આગળ વધતી ટેલિકોમ ઓપરેટર , એ પોતાના ૪જી એવં ૩જી બિગ ઈન્ટરનેટ પેક પર પ્રમોશનલ ઓફરની ઘોષણા કરી છે. આ પ્રમોશનલ ઓફર અંતર્ગત ૨ જીબી થી ૧૦ જીબી સુધી ડેટા પેક ના પ્રયોગ કરવા વાળા હેવી ઈન્ટરનેટ યુઝર્સને વધુ લાભ મળશે.

આઈડિયા નુ માત્ર ૯૯૦ રુપિયાનુ બિગ ડેટા પેક (૧૦ જીબી), ૪જી/૩જી ડેટા પ્રદાન કરશે. આ પહેલા આ ૬.૫ જીબી ડેટા પ્રદાન કરતુ હતુ. પ્રમોશનલ ઓફરમાં ૪૯૯ રુપિયાનુ પેક ૩જીબી ડેટા પ્રદાન કરશે. આઈડિયા યુઝર્સને ૫ જીબી , ૪જી અથવગા ૩જી ડેટા માત્ર રુ. ૬૪૯માં મળશે. આ પહેલા આમા ૩જીબી ડેટા મળતુ હતુ.આઈડિયાના નવા બિગ ઈન્ટરનેટ પેક દ્વારા પોસ્ટપેડ એવં પ્રિ-પેડ ડેટા યુઝર્સ હવે ચિંતાવગર મુવીઝ ડાઉનલોડ કરી શકશે, ગીતો સ્ટ્રીમ કરશે અને ઓનલાઈન ગેમ્સ રમી શકશે.

ઓફર વિશે શશી શંકર, ચીફ માર્કેટીંગ ઓફીસર, આઈડિયા સેલ્યુલર એ જણાવ્યુ કે જયા અમારા સૈશે ડએટા પેકમાં ડેટા ઓફરનુ લક્ષ્ય વધુ યુઝર્સને ઈન્ટરનેટથી જોડવાનુ હતુ ત્યા બિગ રિચાર્જ પેક પર ઓફર દ્વારા અમે અમારા નિયમિત ઈન્ટરનેટ યુઝર્સને અધિક લાભ આપવા માગીએ છીએ.

આઈડિયાના નવા ફ્રીડમ પેક લોન્ચ કરાયા છે જે ૪ સપ્તાહ ની વૈધતા સાથે માર ૩૫ રુમાં શરુ થનાર ઓછા ખર્ચ ના ડેટા પેક છે. આ પ્રિપેડ ઉપભોકતાઓ ને વારંવાર રિચાર્જ કરાવવાની પરેશાનીથી મુકિત અપાવશે.

વર્તમાન પ્રિપેડ માટે નવા મુલ્ય એવં ફાયદા આઈડિયાના ૪જી એવં ૩જી પ્રોવાઈડર સકલમાં લાઈવ થઈ ગયા છે. વધુ માહિતી આઈડિયા સેલ્યુલરની વેબસાઈટ www.ideacellular.com પર ઉપલબ્ધ છે.-

## સાત હજાર ડિફોલ્ટરોના નામ જાહેર કરશે બેન્ક યુનિયન

**અમદાવાદ,** કેન્દ્રની બેન્કિંગ અંગેની નીતિઓના વિરોધમાં ૨૯ જુલાઈએ એક દિવસની સજ્જડ રાષ્ટ્રવ્યાપી બેન્ક હડતાળ અગાઉ બેન્ક કર્મચારીઓનું સંગઠન ૭,૦૦૦ જેટલા વિલફુલ ડિફોલ્ટરોના નામ જાહેર કરશે, જેમણે અંદાજે રૂ. ૭૦,૦૦૦ કરોડની લોન ભરી કરી નથી. બેન્ક કર્મચારીઓના યુનિયને એવો પણ આક્ષેપ કર્યો છે કે રાજકારણીઓ અને ઔદ્યોગિક માંધાતાઓની મિલીભગતના કારણે જાહેર ક્ષેત્રની બેન્કોની નોન-પર્ફોમિંગ એસેટ્સ (એનપીએ) ઊંચી છે અને વિલફુલ ડિફોલ્ટરોના કેસોના જલદી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક ટ્રિબ્યુનલ્સ સ્થપાવી જોઈએ.

બેન્ક કર્મચારીઓ અને બેન્ક અધિકારીઓના નવ ટ્રેડ યુનિયન દ્વારા બનેલા યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સો ૨૯ જુલાઈએ બેન્કોના પ્રસ્તાવિત મર્જર અને જાહેર ક્ષેત્રની બેન્કોમાં ખાનગી કેપિટલના વધારાના વિરોધ સહિતના મુદ્દે રાષ્ટ્રવ્યાપી બેન્ક હડતાળનું એલાન કર્યું છે.

ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોઈઝ એસો.ના જનરલ સેક્રેટરી સી. એચ. વેંકટચલામે જણાવ્યું કે, 'હાલ બેન્કો માટે બેડ લોન્સ સૌથી મોટી સમસ્યા છે. અમે ટૂંક સમયમાં ૭,૦૦૦ જેટલા વિલફુલ ડિફોલ્ટરોના નામ જાહેર કરીશું. લોકોને ખબર પડવી જોઈએ કે તેમના નાણાં કોણે ઓળવી લીધા છે. બેલ લોનની રિકવરી માટે સરકાર કે રિઝર્વ બેન્ક દ્વારા કોઈ ગંભીર પગલાં લેવાતા નથી. વિલફુલ ડિફોલ્ટરો સામે ક્રિમિનલ કેસ થાય તે જરૂરી છે અને આ કેસોના નિકાલ માટે ફાસ્ટ ટ્રેક ટ્રિબ્યુનલ હોવી જોઈએ જે અમુક નિશ્ચિત દિવસમાં ન્યાય તોળે.'

તેમણે જણાવ્યું કે સરકાર જાહેર ક્ષેત્રની બેન્કોના બદલે ખાનગી બેન્કોને પ્રોત્સાહન આપી રહી છે. જન-ધન યોજના હેઠળ ખૂલેલા ૨૦ કરોડ ખાતાં પૈકી ૧૯.૮૦ કરોડ ખાતાં જાહેર ક્ષેત્રની બેન્કોએ ખોલ્યાં છે પરંતુ સરકાર એવું ષડયંત્ર કરી રહી છે કે નફાકારક બિઝનેસ ખાનગી બેન્કોના હાથમાં રહે અને જાહેર ક્ષેત્રની બેન્કો બેડ લોનના ભારણ હેઠળ નબળી પડે.

## ગુજરાતમાં સૌપ્રથમ 'ઈન્ડિયા પાવર વીક – સ્વિચ' વડોદરામાં ૯ થી ૧૦ ઓક્ટોબરે યોજાશે




**અમદાવાદ,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયા અભિયાનના ભાગરૂપે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની આગેવાની હેઠળ ગુજરાત સરકાર ભારતના સૌથી વિશાળ ઈલેક્ટ્રિકલ એક્સપો – સ્વિચનું આયોજન કરશે. એક્સપોમાં ૮,૫૦૦થી વધુ ખરીદદારો અને ૧,૦૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં પાવર અને ઈલેક્ટ્રિકલ મેન્યુફેક્ચરર્સ માટે મોટા હબ પૈકીના એક એવા વડોદરા ખાતે તા. ૯થી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ કાર્યક્રમ યોજાશે. ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબતે ઈવેન્ટ પાર્ટનર છે.

સ્વિચ ગુજરાત તથા સમગ્ર ભારતની પાવર અને ઈલેક્ટ્રિકલ ક્ષેત્રની કંપનીઓને ભેગા થવા, નેટવર્ક બનાવવા તથા કારોબારની તકો વિસ્તારવા માટે વિશિષ્ટ પ્લેટફોર્મ પૂરું પાડશે. એક અસરકારક માર્કેટપ્લેસ તરીકે સ્વિચ ડિઝાઈન કરવામાં આવ્યું છે કે જ્યાં સ્વિચગિયર્સ, કેબલ્સ, કન્ડક્ટર્સ એન્ડ ફાયબર ઓપ્ટિક વાયર્સ, ટ્રાન્સમીશન લાઈન ટેકનોલોજીસ, કંટ્રોલ એન્ડ ઓટોમેશન, ટ્રાન્સફોર્મર્સ સહિતની અન્ય પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણ ઉપલબ્ધ બનશે. આ એક્ઝિબિશનમાં વિદ્યાર્થીઓ અને સંસ્થાઓ માટે ચોક્કસ પેવેલિયન બનાવવામાં આવશે તથા સુરક્ષાની પૂરતી કાળજી રખાશે.

ઉલ્લેખનીય છે કે ૧,૦૦૦થી વધુ ઘરેલુ ઉત્પાદનકર્તાઓ અને આશરે ૨૦૦ આંતરરાષ્ટ્રીય ઉત્પાદનકર્તાઓએ સ્વિચમાં ભાગ લેવા માટે ભારે રસ દાખવ્યો છે. આ ઉપરાંત વિશ્વભરના ૮,૫૦૦થી વધુ વ્યૂહાત્મક ખરીદદારો પણ એક્સપોમાં ભાગ લેશે.

વડોદરાના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એક્સપો સેન્ટર ખાતે સ્વિચ યોજાશે, જે ૮૦,૦૦૦ ચોરસફુટ વિસ્તારમાં ફેલાયેલો હશે અને ભારતમાં ઈલેક્ટ્રિકલ અને ઈનોવેશન ઉપરના મોટા એક્સપો પૈકીનો એક બની રહેશે. (૧૩-૧)

## સરકારના વિવિધ વિભાગોમાં પડતી જગ્યાઓની ભરતી અંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તાલુકાકક્ષાએ માર્ગદર્શન સેમીનાર યોજાશે

**ભરૂચ:** ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ ધ્વારા રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાં પડતી ખાલી જગ્યાઓની ભરતી અંગે માર્ગદર્શન - જનજાગૃત્તિ માટે જિલ્લા વહીવટીતંત્ર - ભરૂચ ધ્વારા તાલુકાકક્ષાએ એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. ધોરણ-૧૨ પાસ અંડર ગ્રેજ્યુએટ અને ટેકનીકલ લાયકાત ધરાવતા ઉમેદવારો, આઈ.ટી.આઈ., ડીપ્લોમા નર્સીંગ, ફાર્મસી વિગેરે લાયકાત ધરાવતા ઉમેદવારો આ જનજાગૃત્તિ માર્ગદર્શન સેમીનારમાં ભાગ લઈ શકશે. કાર્યક્રમના ભાગરૂપે તા.૨૨/૦૭/૨૦૧૬ ને સવારે ૦૮:૩૦ કલાકે શ્રી રંગનવચેતન વિદ્યાલય - વાલીયા ખાતે, તા.૨૫/૦૭/૨૦૧૬ ને સવારે ૧૦:૩૦ કલાકે સરકારી વિનિમય અને વાણિજ્ય કોલેજ - વાલીયા-નેત્રંગ રોડ, આદર્શ નિવાસી શાળા નજીક - નેત્રંગ ખાતે, તા.૨૬/૦૭/૨૦૧૬ ને સવારે ૧૦:૩૦ કલાકે તાલુકા પંચાયત - આમોદ ખાતે, તા.૨૭/૦૭/૨૦૧૬ ને સવારે ૧૦:૩૦ કલાકે શ્રીમતી એમ.એમ.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ - વાગરા ખાતે, તા.૨૮/૦૭/૨૦૧૬ ને સવારે ૦૯:૩૦ કલાકે કડકીયા કોલેજ - હાંસોટ રોડ અંકલેશ્વર ખાતે, તા.૨૯/૦૭/૨૦૧૬ ને સવારે ૧૧:૦૦ કલાકે પ્રાંત કચેરી - મામલતદાર ઓફીસરની બાજુમાં, કાવી રોડ, જંબુસર ખાતે, તા.૩૦/૦૭/૨૦૧૬ ને સવારે ૧૧:૩૦ કલાકે જન શિક્ષણ સંસ્થાન, લાલ બજાર, ભરૂચ ખાતે રાખવામાં આવેલ છે તેમ નિવાસી અધિકક કલેક્ટર - ભરૂચ ધ્વારા જણાવાયું છે.

**DEEPTI ALLOY STEEL LIMITED**

**CIN:** L27109GJ1993PLC018943
**Registered Office:** 317, Village - Kharval, Taluko - Dharampur, Dist. Valsad– 396050,
**Phone:** +91 – 260– 2421575,
**Email:** investor.deepti@gmail.com,
**Website:** www.deeptialloysteel.com

**Notice of the 24th Annual General Meeting of the Company, Book Closure and E-voting**

**Notice is hereby given that:**

1. The 24th Annual General Meeting ("AGM") of the Members of the Company will be held at the Registered Office of the Company at 317, Village-Kharval, Taluko-Dharampur, Dist. Valsad on Wednesday, August 10, 2016 at 4:00 P.M to transact the ordinary and special businesses as set out in the notice of AGM.
2. Electronic copies of the Notice of the 24thAGM and the Annual Report of the Company for the financial year 2015-16 have been sent to all the members whose email IDs are registered with the Company / Depository Participant(s). Physical copies of the same have been sent to all other members at their registered address in the permitted mode.
3. The register of Members and Share Transfer Book of the Company will remain closed from Saturday, August 6, 2016 to Wednesday, August 10, 2016 (both days inclusive) for annual closing.
4. As per Section 108 of the Companies Act, 2013 read with rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as amended and clause 44 of SEBI (Listing Obligations and Disclosures Requirements) Regulations, 2015, the Company is pleased to provide the members the facility to cast their votes electronically from a place other than the venue of the AGM (remote E-voting) on all resolutions set forth in the Notice, for which the Company has engaged the services of National Securities Depository Limited as the E-voting agency. All the members are informed that;
   - A. The Ordinary and special businesses as set out in the notice of AGM may be transacted through voting by electronic means.
   - B. The remote e-voting shall commence on August 7, 2016 at 09:00 A.M. and shall end on August 9, 2016 at 05:00 P.M.
   - C. The cut-off date for determining the eligibility to vote by electronic means or at AGM is Friday, August 5, 2016.
   - D. Any person, who acquires shares of the Company and become member of the Company after dispatch of the Notice of AGM and holding shares as of the cut-off date i.e. Friday, August 5, 2016, may obtain the login ID and password by sending a request at evoting@nsdl.co.in. However, if you are already registered with NSDL for remote e-voting then you can use your existing user ID and password for casting your vote.
   - E. Members may note that a) the remote e-voting module shall be disabled by NSDL after the aforesaid date and time for voting and once the vote on a resolution is cast by the member, the member shall not be allowed to change it subsequently; b) the facility for voting through ballot paper shall be made available at the AGM; c) the members who have cast their vote by remote e-voting prior to the AGM may also attend the AGM but shall not be entitled to cast their vote again; and d) a person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date shall only be entitled to avail the facility of remote e-voting as well as voting in the general meeting,
5. The Notice of the 24th AGM and the Annual Report for the financial year 2015-16 is also available on the Company's website www.deeptialloysteel.com
6. The company has appointed Mr. Anand S. Lavingia as the Scrutinizer to scrutinise the E-voting process in fair and transparent manner.
7. Any Query or grievance connected with the remote e-voting may be addressed tothe Company Secretary of the Company at E-mail investor.deepti@gmail.com or you may refer the Frequently Asked Questions (FAQs) for Members and remote e-voting user manual for Members available at the download section of www.evoting.nsdl.com or call on toll free no.: 1800-222-990 for any further clarification.

**For, DEEPTI ALLOY STEEL LIMITED**
**SD/-**
**Parikshit Mahatma, Whole-Time Director**
**DIN: 01599675**
**Place: Valsad**
**Date: July 18, 2016**

## બંધન બેન્કે લોન રેટમાં ૬૦ બીપીએસનો ઘટાડો કર્યો

**કોલકાતા,** બંધન બેંક લિમિટેડે આજે જાહેરાત કરી હતી કે બેંકે ૧૮ જુલાઈ, ૨૦૧૬થી સોમવારથી માઈક્રો લોનના ધિરાણ દરમાં ૦.૬ ટકા કે ૬૦ બેઝિસ પોઈન્ટ (બીપીએસ)નો ઘટાડો કર્યો છે. અત્યારે તેના માઈક્રો લોનના ધિરાણ દર ૨૦.૫ ટકા છે, જે ઘટીને ૧૯.૯૦ ટકા થશે. બેંક સંસાધનોના ઓછા ખર્ચનો ફાયદો ગ્રાહકોને આપવા પ્રતિબદ્ધ છે.

બેંક તરીકે કામગીરી શરૂ કરતાં અગાઉ માઈક્રોફાઈનાન્સ કંપની બંધન આ પ્રકારની લોન ૨૨.૪ ટકાના દરે આપતી હતી. ઓગસ્ટ, ૨૦૧૫માં બેંકમાં પરિવર્તિત થયા પછી તરત તેણે ધિરાણ દરમાં ૧.૪ ટકા કે ૧૪૦ બીપીએસનો ઘટાડો કર્યો હતો, જેના પગલે ધિરાણ દર ૨૧ ટકા થયા હતા. ત્યારબાદ એપ્રિલ, ૨૦૧૬માં બેંકે માઈક્રો લોનના ધિરાણ દરમાં વધુ ૫૦ બીપીએનો ઘટાડો કર્યો હતો, જેના પગલે ધિરાણ દર ૨૦.૫ ટકા થયા હતા. બેંકે સંપૂર્ણ બેંક તરીકે કામગીરી શરૂ કર્યા પછી વ્યાજદરમાં ઘટાડાના તાજેતરના તબક્કા સાથે ૧૧ મહિનાથી ઓછા ગાળામાં ત્રણ તબક્કામાં ધિરાણ દરમાં ૨.૫ ટકા કે ૨૫૦ બીપીએસનો ઘટાડો કર્યો છે.

અત્યારે બંધન બેંક ૬૮૮ શાખાઓ, ૨૦૨૨ ડોરસ્ટેપ સર્વિસ સેન્ટર (ડીએસસી) અને ૨૩૭ એટીએમ મારફતે ભારતના ૨૯ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત છે. તેના ૨૧,૦૦૦ પ્રતિબદ્ધ કર્મચારીઓ દ્વારા ૮૭.૭ લાખથી વધારે ગ્રાહકોને સેવા મળે છે. કામગીરી શરૂ કર્યા પછી અત્યાર સુધી બેંકે રૂ. ૧૫,૦૦૦ કરોડની થાપણ મેળવી છે.

બંધન બેંકે ૨૩ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ભારતના ૨૪ રાજયોમાં ૫૦૧ શાખાઓ, ૨૦૨૨ ડીએસસી અને ૫૦ એટીએમ સાથે કામગીરી શરૂ કરી હતી. બેંકનું ઉધ્ઘાટન નાણાં, કોર્પોરેટ બાબતો અને માહિતી તથા પ્રસારણ મંત્રાલયના પ્રધાન શ્રી અરુણ જેટલીએ કોલકાતામાં ભવ્ય સમારંભમાં કર્યું હતું, જેમાં નિયમનકારો, નીતિનિર્માતાઓ તથા નાણાકીય ક્ષેત્ર અને કોર્પોરેટ ભારતના મહાનુભાવો ઉપસ્થિત હતા. ભારતને આઝાદી મળ્યાં પછી પૂર્વના રાજયોમાં સ્થાપિત થનાર બર્ધન બેંક પ્રથમ છે. વળી માઈક્રોફાઈનાન્સ કંપની સંપૂર્ણ બેંકમાં પરિવર્તિત થવામાં પણ બર્ધન બેંક પ્રથમ છે. (૧)

## ફ્રીચાર્જ ગુજરાતમાં યુટિલિટી બિલ ચુકવણી સેવાઓનું વિસ્તરણ કરશે

**અમદાવાદ:** ભારતના સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા ડિજિટલ ચુકવણી મંચ ફ્રીચાર્જે બટનના એક ક્વિક પર ગ્રાહકોંને સુવિધાજનક અને ઝડપી ગેલ બિલ ચુકવણી (પાઈપલાઈન ગેસ કનેક્શન) કરવા માટે અદાણી ગેસ અને ગુજરાત ગેસ લિ. સાથે ભાગીદારી કરી છે. ગુજરાતના રહેવાસીઓ ફ્રીચાર્જ એપ ડાઉનલોડ કરી શકશે અથવા ૧૦ સેકંડથી ઓછા સમયમાં તેમનાગેસ બિલ www.freecharge.in પર ચૂકવી શકશે.

ગ્રાહકોને બિલર રજિસ્ટ્રેશન કરવાની જરૂર નથી અને ઘેરબેઠાં તેમનાં પાઈપલાઈન ગેસ બિલ ચૂકવી શકે છે અથવા ફ્રીચાર્જ વેલેનો ઉપયોગ કરીને, સેવ્ડ ક્રેડિટ/ડેબિટ કાર્ડસ અને નેટ બેન્કિંગનો ઉપયોગ કરીને ચૂકવી શકશે. ફ્રીચાર્જનું લક્ષ્ય ગ્રાહકોને ઓનલાઈન વધુ સક્રિય રીતે લેણદેણ કરવામાં મદદરૂપ થવાનું અને એવી સેવાઓ રજૂ કરવાનું છે જેમાં ગ્રાહકો સંરક્ષિત રીતે તેમનાં બધાં યુટિલિટી બિલોની એકધારી ચુકવણી કરી શકશે. ઓટો- એનોલ અને બિલ રિમાઈન્ડર્સ જેવી વિશિષ્ટતા સાથે ગ્રાહકોને તેમની આખર તારીખો ભૂલી જવાની ચિંતા પણ કરવી નહીં પડે. આમ વિલંબ શુલ્ક પણ ટાળી શકાશે.

આ જાહેરાત વિશે બોલતાં ફ્રીચાર્જના સીઈઓ ગોવિન્દ રાજને જણાવ્યું હતું કે ફ્રીચાર્જનું લક્ષ્ય સર્વ લેણદેણ ગ્રાહકો માટે પુરસ્કૃત અને સમૃદ્ધ અનુભવમાં ફેરવવાનું છે. અમારૂં ઉત્કૃષ્ટ યુઝર ઈન્ટરફેસ અને સંરક્ષિત નેટવર્ક ગ્રાહકોને વેબસાઈટ અને એપ આસાનીથી અને સુવિધાજનક રીતે ઉપયોગી થાય છે. અદાણી ગેસ અને ગુજરાત ગેસ લિ. સાથે આ સહયોગ દેખીતી રીતે જ ચુકવણીનો અનુભવ ગ્રાહકો માટે વધુ સરળ અને સુવિધાજનક બનાવશે. અમને આશા છે કે ગુજરાતમાં વધુ ને વધુ લોકો તેમના રોજના પ્રવાસના ભાગરૂપ ડિજિટલ ચુકવણી કરીને કેશલેસ બનશે. (૧૯-૧)

**BIJLEE TEXTILES LIMITED**

Regd. Off.: Dr. Amichand Shah's wadi, Rampura Tunki, Surat-3.
CIN : L51110GJ1985PLC013252,
e-mail : bijleetex@yahoo.com,
www.bijleetextiles.com

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 a meeting of the Board of Directors is scheduled to be held on Tuesday 26th July, 2016 at the Regd. office of the company inter alia to take on record the Unaudited Quarterly results for the three months ended 30th June, 2016.

By order of the Board
sd/-
Director
Place: Surat
Date : 19-07-2016

**ROSEKAMAL TEXTILES LIMITED**

Regd. Off.: Dr. Amichand Shah's wadi, Rampura Tunki, Surat-3.
CIN : L17114GJ1990PLC013257,
e-mail : rosekamaltex@yahoo.in,
www.rosekamaltextiles.com

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 a meeting of the Board of Directors is scheduled to be held on Tuesday 26th July, 2016 at the Regd. office of the company inter alia to take on record the Unaudited Quarterly results for the three months ended 30th June, 2016.

By order of the Board
sd/-
Director
Place: Surat
Date : 19-07-2016

## મૂવીઝ ઓકેના બે બ્લોકબસ્ટર ફેસ્ટિવલ સાથે તમારુ ચોમાસુ યાદગાર બનાવો




ચોમાસુ પ્રિયજનો, ગરમ કોફી અને તમારા હોમ સ્ક્રીન પર તમારી પ્રિય ફિલ્મો સાથે વીતાવવામાડ આવે તો શ્રે: રીતે વીતે છે! આ જુલાઈમા મૂવીઝ ઓકે બે ફેન્ટાસ્ટિક ફેસ્ટિવલ્સ કુછ કિસ્સે, કુછ કહાનિયાડ ઔર થોડી બારિશ અને ૮ કા થાટ સાથે તમારુ ચોમાસુ વધારે રોમાડચક બનાવવા માટે તૈયાર છે.

કુછ કિસ્સે, કુછ કહાનિયાડ ઔર થોડી બારીશનો હેતુ તમારી ચોમાસાની બપોરને જાદુઈ બનાવવાનો છે. તેમાડ સુપરહિટ આશિકી, શાહરૂખ ખાન, પ્રિટી ઝિન્ટા અને સૈફ અલી ખાન સ્ટારર કલ હો ના હો, શાહિદ કપૂરની ડેબ્યુ ફિલ્મ ઈશ્ક વિશ્ક, રોમેન્ટિક ડ્રામા રહેના હૈ તેરે દિલ મેં, મન, આઈ હેટ લવ સ્ટોરીઝ, દિલ, દિલ તો બચ્ચા હૈ જી અને કહીં પ્યાર ના હો જાયે જેવીની ફિલ્મો બતાવવામાડ આવશે. આલિયા ભટ્ટ અને અર્જુન કપૂર સ્ટારર રોમકોમ ૨ સ્ટેટ્સ સાથે આ અદભુત મૂવી બોનાન્ઝાનો ૨૯મી જુલાઈએ અડત આવશે.

૮ કા થાટ કે જે પ્રાઈમ ટાઈમ ઍક્શન ફેસ્ટિવલ છે તેમા બોલીવૂડના સૌથી મોટા ઍક્શન હીરોઝ હશે જે તમને જોશથી ભરી દેવા તૈયાર છે. અજય દેવગણ અને ઈમરાન હાશમી અભિનિત વન્સ અપોન અ ટાઈમ ઈન મુડબઈથી શરૂઆત કરીને આ ફેસ્ટિવલમા સૈફ અલી ખાનની બુલેટ રાજા અને અમિતાભ બચ્ચનની અ પથ તથા અન્ય ફિલ્મો હશે.

આ એક મહિનો ચાલનારા મૂવી બોનાન્ઝા સાથે ઉત્તેજના અને મનોરડજન માટે મૂવીઝ ઓકે જુઓ! (૧૯-૮)

## ડીએસએલ એક્સપ્રેસે સુરતમાં તેનું સેવા કેન્દ્ર શરૂ કરીને ગુજરાતમાં પહોંચ વિસ્તારી



**સુરત,** વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય એક્સપ્રેસ સેવા પ્રદાતા ડીએચએલ દ્વારા સુરત ખાતે ભારતનાં તેનાં ૪૦મા સેવા કેન્દ્રનું ઉદઘાટન કરવા સાથે ગુજરાતમાં તેનું નેટવર્ક વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. આ સાથે ડીએચએલની મોજૂદ સેવામાં શિપમેન્ટ્સના આયાતનિકાસમાં ગ્રાહકોની વધતી માગણીને પહોંચી વળવાનું વધુ આસાન બનશે. આ એકમનું ઉદઘાટન સુરતમાં સાડીઓ અને ઓનલાઈન એથનિક વેરની અગ્રણી ઉત્પાદક ત્રિવેણી સારીઝના ડાયરેક્ટર શ્રી અરવિંદ સરાફને હસ્તે કરાયું હતું.

ભારતનું ટેક્સટાઈલ કેન્દ્ર સુરત ૩૮૦ ડાઈંગ અને પ્રિન્ટિંગ મિલ્સ અને લગભગ ૪૧,૧૦૦ પાવરલૂમ યુનિટ્સ સાથે દેશમાં મેનમેડ ફાઈબર (એમએમએફ)નું સૌથી વિશાળ કેન્દ્ર છે. આ નવું ડીએચએલ એક્સપ્રેસ સેવા કેન્દ્રને લીધે આંતરરાષ્ટ્રીય સમય વિશિષ્ટ એક્સપ્રેસ સેવા આવશ્યક હોય તેવા ગ્રાહકો માટે ડીએચએલની સેવા ઓફર વધુ બહેતર બનીને તેમને ઉત્તામ વૈશ્વિક જોડાણ મળશે. આ સેવા કેન્દ્રને લીધે દેશમાં આગામી અને ભાવિ ટેક્સટાઈલ કેન્દ્ર સરોલીના કુંભારિયામાં વૃદ્ધિને માર્ગ કરવાની આપવાની પણ ક્ષમતા ધરાવે છે.

આ અવસરે બોલતાં ડીએચએલ એક્સપ્રેસના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડાયરેક્ટર આર એસ સુબ્રમણિયને જણાવ્યું હતું કે સુરતમાં કેન્દ્ર શરૂ કરીને અમારનું નેટવર્ક મજબૂત બનાવવામાં અને અમારા ગ્રાહકોની વધતી વેપાર જરૂરતોને પહોંચી વળવાની અમારી ક્ષમતા મજબૂત બનાવવામાં અમે નોંધનીય પગલું લીધું છે. સુરત ગુજરાત રાજયમાં દ્વિતીય સથી વિશાળ વ્યાવસાયિક કેન્દ્ર છે અને ભારતમાં ઝડપથી વિકસતાં શહેરમાંથી એક છે. આ એકમ શરૂ કરવાથી સુરતમાં વેપાર અભિમુખ બનાવવા અને ઉત્કૃષ્ટ લોજિસ્ટિક્સ પૂરું પાડની ડીએચએલની કટિબદ્ધતા વધુ મજબૂત બનશે. (૮)

## ભરૂચ જિલ્લાના સમગ્ર મહેસુલ વિસ્તારમાં શાંતિ-સલામતી માટે જાહેરનામું

**ભરૂચ,** ભરૂચ જિલ્લામાં શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને ભરૂચ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી બી.જી.પ્રજાપતિએ એક જાહેરનામા દ્વારા સમ્રગ ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં તાત્કાલિક અસર થી તા.૧૬/૦૮/૨૦૧૬ ના રાત્રિના ૨૪:૦૦ કલાક સુધી કેટલાક કૃત્યો નહિ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામા અનુસાર કોઈપણ વ્યકિત કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ રાખી ફરવા ઉપર કે પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના, હથિયાર, તલવાર, ધોકા, બંદુક છરા, સળગતી મશાલ કે જેનાથી શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા સાધનો રાખી ફરવા ઉપર કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું મનુષ્યોની આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાનું અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું, જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવા, સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય કે ચાળા વિગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા જેવા કૃત્યો કરી શકશે નહીં.

**પ્રતિકાત્મક કબ્જા નોટીસ**

**ICICI Bank**
ICICI Bank Limited
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

**રજિસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક, લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા ૩૯૦૦૦૭.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ)મુંબઈ ૪૦૦ ૦૫૧.
**શાખા ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી. રીઝનલ ઓફિસ, ખૈતાન હોલ, સાધુ સિંહ કમ્પાઉન્ડ, તીન હાથ નાકા, થાણે (વે), ૪૦૦૬૦૫.

બેંક ઓફ રાજસ્થાન (અહીં અને હવે પછી "ઈબીઓઆર") તરીકે ઓળખાશે. રાજસ્થાન સાતે થયેલા હાઉસિંગ લોનની સગવળતા મેળવવાના કરારો પ્રમાણે એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટીના સંબંધમાં કરજદારો અને સહ-કરજદારો કે જે નીચે જણાવ્યા છે. તેમને નોટીસ આપવામાં આવે છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૧૦ના રોજ કરેલા હુકમ પ્રમાણે બેન્ક ઓફ રાજસ્થાનનું આઈસીઆઈસીઆઈ બેન્કમાં વિલીનીકરણ થયુ છે તે પ્રમાણે યોજના મંજૂર થઈ છે. (અહી અને હવે પછી "ધ બેન્ક") તરીકે ઓળખાશે. આથી અહીં ઈબીઓઆરના તમામ હક પરિવર્તિત ધ બેન્ક ને થાય છે. એટલ કે મિલક્તો, જંગી મિલકતો અસ્ક્યામતો, વસાહતો, હક્કો અને લાગુ પડતી બાબતને અને બેન્કને મળતી તમામ સત્તાઓ પરિવર્તીત થાય છે.

આથી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાંણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોઈ કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારનું નામ/ લોન એકાઉન્ટ નં. | મિલ્કતની વિગત / પ્રતિકાત્મક કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ગોરાંગ ગોહિલ/ શ્રીમતી સરોજબેન ગોહિલ - RBABD00001863635 | ફ્લેટ નં. ૧/૧ જાનકી એપાર્ટમેન્ટ, ૧૨ ઈન્દ્રપુરી સોસાયટી, મીરા ટોકીઝ ક્રોસ રોડ પાસે, મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૦ / ૧૫ જુલાઈ, ૨૦૧૬ | ૨૮ ઓગસ્ટ, ૨૦૧૪ રૂા. ૯,૪૫,૯૨૪.૦૦/- | અમદાવાદ |

ઉપર જણાવેલા કરજદારો-જામીનદારો(એસ) યહી બાકી નાણાં પરત કરી જવામાટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

સહી/-
(ઓથોરાઈઝડ ઓફિસર)
**આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ વતી**
તારીખ : ૨૦ જુલાઈ, ૨૦૧૬
સ્થળ : અમદાવાદ

**સૂચના**

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com